Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai
Conducted
MATUSHREE MANIBEN MANSHI BHIMSHI CHHADVA -DHARMIK SHIKSHAN BOARD – MUMBAI

Website : jaineducationboard.org E-mail : jainshikhshanboard@gmail.com

# ૬ જાન્યુઆરી ૨૦૧૯ - મહિલામંડળ -ઉત્તર પત્ર - ગુણ - ૧૦૦

## શ્રેણી – ૧૧

**પ્રશ્ન -૧** **(૧૫)**

**(ક) પ્રશ્નોના જવાબ લખો (કોઈપણ ૩)** **(૯)**

૧. આગાર- અન્નત્થણા ભોગેણં - ઇચ્છા કે ઉપયોગ વિના મુખમાં કોઈ વસ્તુ આવી જાય કે ખવાય જાય.
૨. સહસ્સાગારાણં – ધ્યાન ન રહે અચાનક કોઈ ચીજ મુખમાં આવી જાય.
૩. મહત્તાર ગેરાણં - વડીલ કે ગુરુની આજ્ઞાથી સમય પહેલા આહાર કરે.
૪. (૧) સવ્વ સમાહિ વત્તિયાગારેણં - શરીરની સમાધી રહે ત્યાં સુધી જો શરીરમાં અસમાધી થાય તો આગાર.
(૨) પ્રાણી = વિકેલન્દ્રિય ૬ લાખ, ભૂત = વનસ્પતિ જીવ = ૨૪ લાખ(૧૪ + ૧૦લાખ), જીવ = પંચેન્દ્રિય જીવ= ૨૬ લાખ (૪ લાખ નારકી + ૪ લાખ દેવતા + ૪ લાખ તિ. પચં + ૧૪ મનુષ્ય), સત્ત્વ = પૃથ્વી પાણી, અગ્નિ વાયુ એ ૪ સ્થાવર ૭ લાખ + ૭ લાખ + ૭ લાખ + ૭ લાખ = ૨૮ લાખ.
(૩) ચાર અનર્થદંડના નામ (૧) અવજઝણાચરિયં = માઠુધ્યાન ધરવાથી (૨) પમાયાચરિયં = પ્રમાદ કરવાથી (૩) હિંસપ્પયાણં = હિંસા થાય તેવા શસ્ત્રો આપવાથી (૪) પાવકમ્મોવએસં = પાપકર્મનો ઉપદેશ આપવાથી.
(૪) સ્વાધ્યાય પાંચ ભેદ છે. (૧) વાચના - શાસ્ત્રમાં સૂત્ર,અર્થ તથા તે બંને ગ્રહણ કરે તે. (૨) પુચ્છણાં - શંકા થાય તો પ્રશ્ન કરે તે. (૩) પરિયટ્ટણા - સૂત્રનું અને અર્થનું પુનરાવર્તન કરે તે. (૪) અનુપ્રેશ્રા -સુત્રના તત્વોનું અર્થનું ચિંતન કરે તે. (૫) ધર્મકથા - સૂત્રના રહસ્યો જાણી પછી તેનો ઉપદેશ આપે.

**(બ) માત્ર સંખ્યા લખો.** **(૩)**

૧. હિંસાનો ભેદ - ૩
૨. યતિ ધર્મના પ્રકાર -૧૦
૩. શ્રાવકના જીવના ભેદ - ૨૦
૪. શ્રાવકનું ઉ. આયુષ્ય - ક્રોડ પૂર્વનું
૫. તિર્યંચ શ્રાવકના અતિચાર - ૭૯
૬. શ્રાવકનું ગુણસ્થાન - ૫મું

**(ક) શબ્દના અર્થ અને પાઠનું નામ લખો (કોઈપણ -૩)** **(૩)**

૧. વત્થ - વસ્ત્ર ૧૨મું વ્રત
૨. સંસુધ્ધ - પૂર્ણ શુધ્ધ ૫મું શ્રમણ સૂત્ર.
૩. આકુટ્ટી - જાણી જોઈને - ૧લું વ્રત
૪. પમાયાચરિયં - પ્રમાદ કરવાથી ૮મું વ્રત

**પ્રશ્ન ૨ (ક) ગુણસ્થાન થોકડાને આધારે લખો. (કોઈપણ ૮) (૪૦)**

**૧. પ્રશ્નોના જવાબ લખો (કોઈપણ આઠ) (૧૬)**

(૧) ૧લા ગુણનું ફળ - ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવાયોનિમાં પરિભ્રમણ કરે.

(૨) ૪થા ગુણ સ્થાને ૭ પ્રકૃતિનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોય તથા અપ્રત્યાખ્યાની ક્રોધ માન, માયા ને લોભ એ ૪નો ક્ષયોપશમ્ એમ કુલ ૧૧ પ્રકૃતિનો ક્ષયોપક્ષમ કરે.

(૩) જેમાં માત્ર સંજવલનના લોભ કષાયનો સૂક્ષ્મ ઉદય (વિપાકોદય) હોય છે. તેને સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન કહે છે.

(૪) કેવળજ્ઞાન, કેવળ દર્શન, સહિત, શુભ મન, વચન, કાયાના યોગ સહિત જે વિચરે તે સયોગી કેવળી,તેનું ગુણસ્થાન ૧૩મું છે.

(૫) મદ્ય, વિસયકસાયા નિદ્રા,વિકહા ય પંચમી ભણિયા, એ, એ પંચપ્પમાયા, જીવા પાડંતિ સંસારે।।

(૬) શુક્લધ્યાનની પ્રાપ્તિ કરી તેના પ્રથમ પાયા દ્વારા પ્રતિસમય અનંતગુણ વિશુધ્ધિના પરિણામથી સ્થિતિઘાત આદિ પાંચ અપૂર્વકરણ કરી કોઈ કાળે પૂર્વે તે પરિણામ આવ્યા ન હતાં તે આવ્યાં તેને અપૂર્વકરણ કહેવાય તે ૮મું ગુણસ્થાન.

(૭) નરકના - ૧થી ૪, (૨) તિર્યચ - ૧ થી ૫, (૩) મનુષ્ય - ૧ થી ૧૪ (૪) દેવના - ૧ થી ૪ ગુણસ્થાન હોય છે.

(૮) ૨- લક્ષણગુણ દ્વાર, ૮ - ઉદયદ્વાર, ૧૪ - માર્ગાણાદ્વાર, ૧૯ - લેશ્યા દ્વાર.

(૯) શ્રાવકપણામાં - જીવ જ ધન્ય ત્રીજે ભવે, ઉત્કૃષ્ટ ૧૫ ભવે, સાધુપણામાં - જીવ જ ધન્ય. તેજ ભવે, ઉત્કૃષ્ટ ૧૫ ભવે મોક્ષે જાય, ૭માં ગુણ ફળ તે જીવ જ ધન્ય તે જ ભવે. ઉ. ૧૫ ભવે મોક્ષે જાય. ગતિ જ પહેલે દેવલોક ઉ ૫. અનુત્તર વિમાનમાં ઉપજે. ગુણ - ૫ મહાવ્રત પાળે ૫ સમિતિ. ૩ ગુપ્તિ આરાધે, ૨૦ અસમાધિ, ૨૨ પરિસહ જીતે. ૩૩ અશાતના ટાળે, બાવન અનાચાર ટાળે સચેતના ત્યાગી અચેતના ભોગી થાય. સમતાના સાગર દયાના આગાર માયા મમતા ના ત્યાગી મહાવૈરાગી

**(ખ) જોડી ગોઠવો.**

૧. ૧,૪,૫,૬,૧૩ ગુણસ્થાન.
૨. ૧ અને ૩જું ગુણસ્થાન
૩. ૧ થી ૬ ગુણસ્થાન
૪. ૪ થી ૧૪ ગુણસ્થાન
૫. ૧, ૨૪, ૧૩, ૧૪, ૮ થી ૧૪ ગુણ સ્થાન.

**(ગ) ખાલી જગ્યા પૂરો.**

૧. ૧૩ અને ૧૪
૨. ૧૨ થી ૧૪
૩. ઉપશમ, ક્ષપક
૪. અંત મુહૂત, દેશ ઉણું ક્રોડ પૂર્વ વર્ષ૩
૫. ૧૧, ૧૩
૬. ૧, ૬.

**(ઘ) જવાબ લખો (કોઈપણ ૨) (૭)**

**(૧) દસ બોલ**

સયોગ, (૨) અશરીર , (૩) કેવળજ્ઞાન (૪) કેવળદર્શન, (૫) યથાખ્યાત ચારિત્ર (૬) ક્ષાયક સમકિત (૭) શુકલધ્યાન , (૮) શુકલલેશ્યા, (૯) પંડિત વીર્ય, (૧૦) અનંતવીર્ય.

(૨) અગિયાર પરિગ્રહ

(૧) ક્ષુધા (૨) તૃષા (૩) શીત (૪) ઉષ્ણ (૫) દંશમસગ (૬) ચર્યા (૭) સેજ્જા (૮) વધ (૯) રોગ (૧૦) તૃણસ્પર્શ (૧૧) મેલ.

(૩) આર્યાજી (સાધ્વી), અવેદી, પરિહાર વિશુધ્ધ ચારિત્રવત, પુલાક લબ્ધિવંત, અપ્રમત સાધુ, ૧૪ પૂર્વી સાધુ, આહારક શરીર અને કેવળીનું કોઈ દેવતા સાહરણ કરી શકે નહીં.

**(ચ) પુસ્તક પ્રમાણે સ્પર્શ દ્વાર જવાબ.**

૧. ૧લું ગુણ - ૧૪ રાજલોક સ્પર્શે. બીજું નીચેના દિશામાં પંણવનથી તે છઠ્ઠી નરક સુધી સ્પર્શે તથા ઉંચી દિશાનાં અધોલોકમાંથી વપ્રા સલિતા વતી વિજયથી ૯ ગ્રવેયુક સુધી ૩જું લોકનો અસંખ્યાતમો ભાગ સ્પર્શે ૪થું વપ્રા સલિબાવતી વિજયથી અનુત્તર વિમાન, ૫મું ગુણ અનુત્તર વિમાન પ્રભુ ૧૨ દેવલોક. ૫મું ગુણ અનુત્તર વિમાન પ્રભુ. ૧૨ દેવલોક ૭મું લોકનો અસંખાતતા માં ભાગ. ૧૩મું સર્વનિક, ૧૪મું લોકનો અસંખ્યાતનો ભાગ સ્પર્શે .

**પ્રશ્ન** -૩ (ક) ૧. ઇન્દ્રિય - ૬ એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય,અણિન્દ્રિય

લેશ્યા - ૭ - કૃષ્ણ નીલ, કાપોત, તેજો પદ્ય, શુકલ અલેશી.

જ્ઞાન - ૮ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન.

ચારિત્ર -૭ સમાયિક ચા, છોદોપસ્થાપનીય ચા, પરિહાર વિશુ ધ્ધચા, સૂક્ષ્મસંપરાય ચા, યથાખ્યાત ચા, દેશ - વિરતિ અવિરતિ.

૨. સંસ્થાન એટલે આકાર ઓછામાં ઓછા બે પ્રદેશી સ્કધંથી અનંત પ્રદેશી સ્કંધમાં પાંચમાંથી કોઈને કોઈ એક સંસ્થાન હોય છે. (૧) પરિમંડળ, (૨) વદ્દ, (૩) ત્રસ, (૪) ચઉરંસ (૫) આયાત.

(ખ) ૧. ફુસામણ ગતિ - પુદગલ આકાશ પ્રદેશને સ્પર્શી (એક સમય રોકાઈ) ને ગતિ કરે. જેમ કોઈ પુદ્ગલ અમુક આકાશ પ્રદેશને સ્પર્શ કરતાં કરતાં એક સ્થાનેથી બીજે સ્થાને ગતિ કરે છે. જેમ ટપ્પી પડતો બોલ ગતિ કરે છે તેમ.

૨. હસ્વગતિ - નાની ગતિ જેમ કોઈ પુદગલ તેની પાસેના જ પહેલા, બીજા કે ત્રીજા આકાશ પ્રદેશને સ્પર્શ કરી ચાલે તે તે હસ્વગતિ થઈ.

૩. બંધન પરિણામ - અજીવમાં બે પરમાણુ પુદગલથી માંડીને અનંત પ્રદેશી પુદગલનુ જોડાવં તે બંધન છે.

૪. રસ પરિણામ - મૂળ રસ પાંચ છે. તીખો, કડવો, કસાયેલો, ખાટો, મીઠો, ખારો રસ બધા પુદ્ગલોમાં હોય છે. તે પાંચે રસમાં ભળે છે. ખારો રસ બધા પુદ્ગલોમાં હોય છે. તે પાંચે રસમાં ભળે છે. માટે તેને સબરસ કહે છે. દરેક પુદ્ગલમાં પાંચ રસ હોય છે.

(ગ) ચારિત્ર -(૧) અવિરતિ

૨. તિર્યંચ પંચેન્દ્રિયના વેદ - ૩ સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ.

૩. બટેટાના યોગ - ૧ કાયયોગ. ૧ કાયયોગ

૪. સુધર્મદેવલોકના દેવની લેશ્યા - ૧ શુકલ

૫. મચ્છરની ઇન્દ્રિય - ૪ કાયા, જીભ, નાક, આંખ

૬. નિંભાડાના અગ્નિની દૃષ્ટિ - ૧ મિથ્યાત્વ.

**પ્રશ્ન** - ૪ **સંસ્કાર વિભાગ** (ક) ૧. (૧) મારાં અશુભ કર્મોને કારણે જ વડીલો મારાથી વિરૂધ્ધ છે.

(૨) અવિનયનો અવગુણ દુર્ગુણો લાવે છે. માટે સહન કરવું અને વિનય ચૂકવો નહીં.

(૩) વડીલોના હૈયામાં નાનાનું હિત જ હોય છે. તેમની અમી દ્રષ્ટિથી કામ પાર પડે છે.

(૪) વડિલોને સમાધિ આપીશ તો જીવન સફળ થશે.

૨. આયુષ્યનો બંધ અંતિમ સમયે પણ થાય માટે અંત સમય સુધારું જીવવાનો મોહન રાખું, પૈસા કે પરિવારમાં જીવ ન રાખું, વેરઝેર છોડું મરતાં પહેલાં મમતા મૂકી દઉં ખામેમિ, મિચ્છામિ વંદામિની આરાધનાથી સંલેખના કરું સંથારો કરું મોતને મહોત્સવ બનાવવા આજને સુધારું.

૩. ઘરમાં છાપું એક વાંચનારા અનેક... છાપાના પાના જુદા કરીને ચિવા આકુ છાપુ સાથે રાખવા આગ્રહ ન રાખું, ઘરમાં બાથરૂમ એક મારું બાથરૂમનું કામ બીજાના સમયની આગળ પાછળ કરી લેવું. ઘરના ઉતાવળના સમયમાં પોતાના કામ ઓછા રાખવા. બીજાને કામ કરવા જગ્યા આપી દો ''વસ્તુ અને કામ કરતાં વ્યક્તિનો પ્રેમ વધે છે માટે જતું કરી શકાય.

૪. (૧) મને જે મળ્યું છે તે મારું નથી, પહેલાં હતું નહીં, પછી રહેવાનું નથી.
(૨) આત્મ પ્રશંસા ના કરું, પરનિંદા ના સાંભળું.
(૩) હુંકમો ન ચલાવું, પરિસ્થિતિ સ્વીકારું.
(૪) યોગ્ય પાત્રને પ્રોત્સાહન આપું, પુન્યને પડછાયો માનું.
(૫) ઉપકારીના ઉપકાર પ્રગટ કરું, અપકારી પર ઉપકાર કરું.

**(ખ) ખાલી જગ્યા પૂરો**

૧. અપેક્ષાઓ
૨. સમભાવ
૩. સંયમ
૪. હિત જ

**પ્રશ્ન ૫ કથા આધારે જવાબ લખો. (કોઈપણ ચાર)**

**(ક) (૧)** મહાશતક શ્રાવકનું ૮માં નંબર છે. મહાશતકે આઠ કરોડ કાંસ્ય પ્રમાણ સોના મહોર વ્યાપારમાં, આઠ કરોડ ઘરના વૈભવમાં રાખી હતી, આઠ vાજ ગોકુળ હતા. પ્રત્યેક ગોકૂળમાં દસ દસ હજાર ગોયો હતી. આમ મહાશતક પ્રચૂર ધનસંપત્તિના સ્વામી હતા.

૨. મહાશતકે અવધિજ્ઞાન દ્વારા રેવતીની માટે જે સત્ય ભાષણ ક્યું તે સાધકને માટે ઉચિત નથી માટે જઈને મહાશતકને કહે કે તે દોષ સેવન માટે આલોચના કરે, પ્રતિક્રમણ કરી, પ્રાયશ્ચિતનો સ્વીકાર કરે.

૩. જિનપાલ કથા જ્ઞાતા ધર્મકથા સૂત્રનો નવમાં અધ્યયનનો અધિકાર છે. તેમણે લવણ સમુદ્રમાં ૧૧ વાર મુસાફરી કરી અને ૧૨મી વખત મુસાફરી કરવાની ઇચ્છા કરી.

૪. સમુદ્રમાં અચાનક અકાળે ગર્જના, વિજળી થવા લાગી વાવાઝોડું થયું તેના કારણે જહાજ હાલક ડોલક થવા લાગ્યું. સેકડો માણસો, રત્ને અને માલથી ભરેલું જહાજ શીખર સાથે અથડાઈને તૂટી ગયું ડુબી ગયું. જહાજ સાથે ઘણા લોકો, વિપુલ રત્નો, વાસણો વગેરે માલ સામાન પાણીમાં ગરકાવ થઈ ગયા.

૫. રેવતી પાંચ ઇનદ્રિયોના વિષયમાં આસકત થઈ. માંસ ભક્ષણમાં લોલુપ આસકત્ત, લુબ્ધ બની હતી. વિપુલ સુખ ભોગવવા રેવતી કામાંધ બની ગઈ હતી. કુળ, ગોત્ર વિચાર કર્યા વગર તેની ૧૨ શોકયોને.

૬. મારી નાખી. બધી સોનામહોર અને ગોકૂળની પોતે એકલી માલિક બની બેઠી હતી.

**(ખ) ખાલી જગ્યા પૂરો** (૨)

૧. આત્મ ગુણોમાં
૨. પૂર્ણભદ્ર
૩. આસક્તિનો
૪. લોલુ પાચ્યુત

**પ્રશ્ન ૬ કાવ્યની કડી પૂર્ણ કરો.**

૧. ભવ ભવનાં આ દુઃખથી બચવા, તારા શરણે આવું,
ગુરૂ કહેતો તપ જપ કરતાં, શ્રાવક વાત અવધારું
ગુરૂ કહેતો સંસાર છોડો, સંયમને સ્વીકારું
ગુરૂકૃપા પ્રભાવે મારે, મુક્તિપુરીમાં જાવું............. નરિના.

૨. જેની ચામડી તડતડ ઉતરે, તો યે હૃદયે ન રોષ લગીરે,
એવા ખંધક મુનિ, બહુ સમતાના ગુણી.... મહાસતં.... ક્યારે થઈ શું ?
માથે માટીની પાળ બનાવી, નાંખી અંગારા દીધાં જલાવી
એવા ગજસુકુમાલ, સમરસના ભંડાર.......... મહાસંત......... કયારે થઈ શુ ?

૩. ભ્રમમાં જીવે છે દુનિયા, દુનિયાથી જુદું જીવવું છે
માને છે જુદું દુનિયા, દુનિયાથી જુદું જીવવું છે... ભ્રમમાં જીવે છે.
મનડું કહે છે મારાથી થાય છે પ્રભુ કહે છે થવાનું થાય છે.
પ્રભુનું કહ્યું કરવા, દુનિયાથી જુદું જીવવું છે ભ્રમમાં

**.... જય જિનેન્દ્ર ....**